૬૩૯
૧૦/૧૦/૧૮
૬-૩

## -: જાહેરનામું :-

**ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ**

ક્રમાંક:જી/સીપી/DCP-ક્રાઈમ/ જાહેરનામું/૧૭૨૫/૨૦૧૮
પોલીસ કમિશ્નરની કચેરી, વડોદરા શહેર,
વડોદરા તા. ૬ /૧૦/૨૦૧૮

હુકમ :-

કોઈ પણ સમાજ ત્યારે સભ્ય જણાય કે જયારે સમાજનાં તમામ વર્ગ શાંતી અને નિર્ભયતાથી પોતાનું જીવન પસાર કરી શકે. વિશેષ કરીને મહિલાઓ અને બાળકીઓ પોતાને સુરક્ષિત સમજે અને નિર્ભય થઈને ઘરની બહાર જઈ શકે અને હરીફરી શકે તે ખુબજ જરૂરી છે.

તેમ છતા કેટલાક અનિષ્ટ તત્વો સ્કુલ/કોલેજ જતી છાત્રાઓ તથા પોતાના કામે જતી મહિલાઓ તેમજ એકલી જતી મહીલાઓને અશ્લીલ ચેનચાળા કરીને કે પીછો કરીને કે અશ્લીલ શબ્દોનો ઉચ્ચારણ કરીને અથવા તેમના ઉપર હુમલો કરીને પજવતા હોય છે. અમુક કેસોમાં બળાત્કાર જેવા ગંભીર બનાવો પણ બની જાય છે. જેથી આવા બનાવોને અટકાવવા તેમજ મહીલા સુરક્ષા વધારવાના હેતુસર વ્યાજબી કારણ વગર સ્કુલો/ કોલેજો /ટયુશ્યન કલાસ તથા મહીલા હોસ્ટેલ આજુબાજુ બેસી રહેતા / ઉભા રહેતા ઈસમો (પુરૂષો) ઉપર કેટલાક નિયંત્રણો મુકવાનું જરૂરી જણાય છે.

જેથી હું અનુપમસિંહ ગહલૌત આઈ.પી.એસ., પોલીસ કમિશ્નર, વડોદરા શહેર વડોદરા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ (સી.આર.પી.સી.) ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે "વડોદરા શહેરના પોલીસ કમિશ્નર વિસ્તારમાં આવેલ સ્કુલ/ કોલેજ /ટયુશન **કલાસીસ તથા મહીલા હોસ્ટેલની આસપાસનાં ૫૦ મીટર સુધી જાહેર માર્ગ ઉપર કોઈ પણ પુરૂષ/ પુરૂષોએ વ્યાજબી કારણવગર વાહન સાથે અથવા વાહન વગર ઉભા રહેવા કે બેસવા ઉપર મનાઈ ફરમાવવામાં આવે છે."**

### -: <u>ઉપરોક્ત પ્રતિબંધ નીચે જણાવેલ વ્યકિતઓ ઉપર લાગુ પડશે નહી.</u> :-

(૧) સ્કુલો/ કોલેજો / ટયુશ્યન કલાસીસ તથા મહીલા હોસ્ટેલ ખાતે આવતા વિદ્યાર્થિઓ
(૨) સ્કુલો/ કોલેજો / ટયુશ્યન કલાસીસ તથા મહીલા હોસ્ટેલ ઉપર છોડવા તથા લેવા માટે આવતા ઓટો તથા વાન, માલીક / ડ્રાઈવરો (જેમની પાસે ઓળખપત્ર હોય તેવા જ)
(૩) સ્કુલો/ કોલેજો / ટયુશ્યન કલાસીસ તથા મહીલા હોસ્ટેલ ઉપર છોડવા તથા લેવા માટે આવતા વાલીઓ
(૪) સ્કુલો/ કોલેજો / ટયુશ્યન કલાસીસ તથા મહીલા હોસ્ટેલ ઉપર વ્યાજબી કામથી આવતા વિદ્યાર્થી તથા વાલીઓ.

### -: <u>અમલવારીનો પિરિયડ અને વિસ્તાર</u> :-

આ હુકમનો અમલ તા.૦૭/૧૦/૨૦૧૮ના ક.૦૦/૦૦ થી તા.૦૫/૧૨/૨૦૧૮ ના ક.૨૪/૦૦ સુધી વડોદરા શહેર પોલીસ કમિશ્નરશ્રીની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તારમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનાર ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૧૮૮ હેઠળ શિક્ષાને પાત્ર થશે. તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું. જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર,

1.3
૭/૧૦/૧૮

Scanned by CamScanner

મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઈથી જોઈ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર પણ હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા. ૬ /૧૦/૨૦૧૮ ના રોજ મારી સહી સિક્કો કરી આપેલ છે.

( અનુપમસિંહ ગહલૌત )
પોલીસ કમિશ્નર
વડોદરા શહેર,
વડોદરા.

ક્રમાંક/ક-૩/૫૨૫૨૭૦/૨૦૧૮/૯૯૫
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮.
તારીખ : ૧૨/૧૦/૨૦૧૮

પ્રતિ
આચાર્યશ્રી
વડોદરા શહેર ~~જિલ્લા~~ માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક/ગ્રાન્ટેડ/ખાનગી શાળાઓ તમામ
અમલ કરવા સારૂ.

જીલ્લા શિક્ષણાધિકારી
વડોદરા